સુરત રાષ્ટ્રીય કેળવણી મંડળની છોકરાની પ્રાથમિક શાળાઓ માટેનો અભ્યાસક્રમ.

બાળવર્ગ.

પહેલો વિષય—પદાર્થો વડે સો સુધીની સંખ્યાનું શિક્ષણ.

પદાર્થો વડે પાંચ સુધીની સંખ્યા સો સુધીની સંખ્યામાં ઉમેરવી.

એકડે એકથી ૧૦×૧૦ સુધીના આંક.

આંક બોલાવવા અને પલાખાં પૂછવાં.

બીજો વિષય—મૂળાક્ષર, બારાખડી, ચિત્ર અને મુકરર કરેલાં પુસ્તકનું વાંચન. સહેલા શબ્દો અને વાક્યો વંચાવવાં

ત્રીજો વિષય—મૂળાક્ષર, બારાખડી અને સહેલા શબ્દો મોટે અક્ષરે સ્લેટ પર લખાવવા. (શિક્ષકે સારા અક્ષરે પાટીઆ પર લખવું અને તેમાં જોઈને છોકરા પાસે સારા અક્ષરે લખાવવું.)

ચોથો વિષય—(ક) નાની રસિક વાર્તાઓ શિક્ષકે કહેવી અને તે બાળકો પાસે કહેવડાવવી.

(ખ) હમેશ જોવામાં આવતાં પ્રાણી, વનસ્પતિ, ત્રણ મૂળ રંગો, સાદા આકાર અને ઘણા જાણીતા પદાર્થોનુ ઓળખાણ તથા મુખ્ય સ્વાદોનું જ્ઞાન.

(ગ) સહેલા રાગના સહેલા શબ્દવાળાં બાળગીતો તાલ સાથે સાથમાં ગાવાં.

(ઘ) પાંચ જ્ઞાનેંદ્રિયનું ઓળખાણ કરાવવું, અને તેનો ઉપયોગ સમજાવવો.

(ચ) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો, બાળ કવાયત અને સભ્યતાપૂર્વક ચાલવું.

(છ) શિક્ષકે બાળકોની સાથે ટુંકાં અને સહેલાં વાક્યો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી. (શિક્ષકે વાક્યોની નોંધ રાખવી)

સૂચના—(૧) સભ્યતા અને વિવેકપૂર્વક બોલતાં શિખવવું, શરીર કપડાં અને પુસ્તકાદિ સ્વચ્છ રાખવાની અને વ્યવસ્થા રાખવાની ટેવ પાડવી.

(૨) દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઈ જવાં. (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે રજુ કરવી).

(૩) બાળકોને મૂળાક્ષર વાંચવાનું જેટલું સહેલું લાગે છે તેટલું લખવાનું સહેલું લાગતું નથી, માટે વાંચન આગળ ચાલે અને લખતાં શિખવવાનું કામ પાછળ રહે તો તેમ થવા દેવું.

ધોરણ ૧ લું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—૧૦૦૦૦ સુધીની સંખ્યાનું વાંચન અને લેખન. આંક ૩૦×૧૦ સુધી. ચલણી નાણાની માહીતી, તથા નાણાની ધાત. પદાર્થોવડે શિક્ષણ આપવું. આંક બોલાવવા અને પલાખાં પુછવાં. ૧૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ થાય એવું મુખગણિત

બીજો વિષય—મુકરર કરેલી પહેલી ચોપડી પૂરીનું વાંચન.
મુકરર કરેલી કવિતા સાથમાં તાલ સાથે ગાવી.
કવિતાનો ભાવાર્થ સમજાવવો.

ત્રીજો વિષય—જોડાક્ષર ન આવે એવા શબ્દો સ્લેટપર મોટે અક્ષરે લખાવવા. ચોક અને કિત્તાવતી સ્લેટ-ઉપર મોટા અક્ષરે અનુલેખન કરવું.

ચોથો વિષય—(क) રામાયણ અને મહાભારતમાંની તેમજ બીજી બોધદાયક વાતો શિક્ષકે કહેવી અને તે બાળકો પાસે કહેવડાવવી.

(ख) દસ પદાર્થપાઠ. (યાદી પ્રમાણે)

(ग) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી. બાળ કવાયત કરવી અને માટીનાં રમકડાં બનાવવાં.

(घ) શિક્ષકે બાળકોની સાથે ટુંકાં અને સહેલાં વાકયો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી. (શિક્ષકે વાકયોની નોંધ રાખવી.)

સુચના—(૧) શરીર, કપડાં અને પુસ્તકાદિ સ્વચ્છ રાખવાની અને વ્યવસ્થા રાખવાની ટેવ પાડવી.

(૨) દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઈ જવાં. (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે રજુ કરવી.)

ધોરણ ૨જું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—(क) ૧,૦૦,૦૦,૦૦૦ સુધીની સંખ્યાનું વાંચન તથા લેખન, આંક ૪૦×૧૦ સુધી,

અડધાં, પાયાં, દોઢાં અને અઢીઆં. આંક ઓળખાવવા અને પલાખાં પુછવાં. અધોળ, નવટાંક, શેર તથા મણની માહીતી તથા મણની ધાત. પાંચ આંકડા સુધીની સંખ્યાઓના સરવાળા તથા સહેલી બાદબાકી, તથા પાંચ આંકડા સુધીની સંખ્યાના વધારેમાં વધારે ત્રણ આંકડાની સંખ્યા વડે ગુણાકાર. ચાલેલી ધાતોનો ઉપયોગ થાય તેવી ઉતરતી ભાંજણી.

(ख) પહેલા ધોરણ સુધીમાં ચાલેલા આંક અને ધાતોનો ઉપયોગ થાય એવું મુખગણિત.

બીજો વિષય—મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી સાથે મુકરર કરેલી કવિતામાંથી ૧૦૦ લીટીનો મુખપાઠ અને ભાવાર્થ.

ત્રીજો વિષય—(क) વાંચેલા પુસ્તકમાંથી મોટે અક્ષરે ત્રણ લીટીનું શ્રુતલેખન, શબ્દો છુટા લખવા.

(ख) અનુલેખન–લેખનકળા કોપી બુકનો નં. ૨જો.

ચોથો વિષય—(क) ચાર દિશાઓનું જ્ઞાન, પોતાની શાળાની તથા મહોલ્લાની ભૂગોળ, સુરત શહેરની સામાન્ય ભૂગોળ, છોકરાંઓની પાસે માપ લેવરાવીને પોતાના ઓરડાનો નકશો દોરાવવો.

(ख) રામાયણ, મહાભારત વગેરે ગ્રન્થોમાંથી રસિક વાર્ત્તાઓ શિક્ષકે કહેવી અને તે બાળકો પાસે કહેવડાવવી.

પાંચમો વિષય—(क) દસ પદાર્થ પાઠ (યાદી પ્રમાણે).

(ख) પદાર્થ પાઠને લગતું ડ્રોઈંગ.

(ग) કવિતા તાલ સાથે ગાવી.

(घ) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી, કવાયત કરવી.

(च) શિક્ષકે બાળકોની સાથે ટુંકાં અને સહેલાં વાક્યો વાપરી હિન્દી ભાષામાં વાતચિત કરવી (શિક્ષકે વાક્યોની નોંધ રાખવી).

સૂચના—દર અઠવાડીએ અવલોકન કરવા માટે બાળકોને બહાર ફરવા લઈ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે રજુ કરવી).

ધોરણ ૩ જું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—(क) સવાયા, પોણા અને ઉઠાના આંક. આંક બોલાવવા અને પલાખાં પૂછવાં. બાદબાકી, પાંચ આંકડા સુધીની સંખ્યાના વધારેમાં વધારે ત્રણ આંકડાની સંખ્યાવડે ભાગાકાર, ચઢતી ભાંજણી, વિવિધ પરિમાણના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર. દેશી તોલ માપ, લુગડાનાં માપ અને વખતના સ્થાનિક કોષ્ટકો.

(ख) બીજા ધોરણ સુધીમાં શીખી ગએલા આંક અને કોષ્ટકોનો ઉપયોગ થાય એવું મુખગણિત.

બીજો વિષય—(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન. સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. નામ, સર્વનામ અને ક્રિયાપદ.

(ख) મુકરર કરેલી કવિતામાંથી ૧૦૦ લીટીની સમજુતી તથા ૧૫૦ લીટીનો મુખપાઠ.

ત્રીજો વિષય—(क) વાંચેલાં પુસ્તકમાંથી મોટે અક્ષરે ચાર લીટીનું શ્રુતલેખન, બાળબોધ મૂળાક્ષરો લખાવવા અને વંચાવવા.

(ख) અનુલેખન—લેખન કળા કોપી બુક નં. ૩.

ચોથો વિષય—(क) ભૂગોળની મુખ્ય સંજ્ઞાઓ પ્રત્યક્ષ અવલોકનથી કે નમુના બતાવીને શિખવવી. અને નકશામાં બતાવવી. નકશા ઉપરથી દેશના ઉંચાણ નીચાણના દેખાવ તથા તેના સામાન્ય લક્ષણો વિષે અનુમાન કરવાનો મહાવરો કરાવવો, સુરત જિલ્લાની પુરી અને ગુજરાતની સામાન્ય ભૂગોળ

(ख) મહા ભારત અને ગુજરાતના ઈતિહાસમાંથી વાર્તાઓ કહેવી (ઈતિહાસ અને ભૂગોળ સંબંધી વાર્તાઓ કહેવી).

પાંચમો વિષય—(क) દસ પદાર્થપાઠ (યાદી પ્રમાણે)

(ख) પદાર્થપાઠને લગતું ડ્રોઇંગ.

(ग) કવિતા તાલ સાથે ગાવી.

(घ) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી, કવાયત કરવી.

(च) શિક્ષકે બાળકોની સાથે ટૂંકાં અને સહેલાં વાક્યો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી. (શિક્ષકે વાક્યોની નોંધ રાખવી).

(छ) માંકડ, ચાંચડ, મચ્છર, જૂ અને માખીથી થતાં નુકસાનની સાદી સમજ તથા તે અટકાવવાના સહેલા ઉપાય

(ज) કાંતવું (મરજીઆત).

સૂચના દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઈ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને પરીક્ષા વખતે બતાવવી).

ધોરણ ૪ થું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

આ ધોરણમાં પાસ થયા પછી અપૂર્ણ વિનય મન્દિરમાં જવાની બાળકને છુટ છે.

પહેલો વિષય—(क) ત્રીજા ધોરણમાં ચાલેલાં ઉપરાંત દેશી તોલ માપ, લુગડાંના માપ અને વખતનાં અંગ્રેજી કોષ્ટકો, દૃઢભાજક, લઘુતમ સાધારણ ભાજ્ય, અપૂર્ણાંક અને સાદી ત્રિરાશિ.

(ख) મણ, શેર, ખાંડી, ભાર અને ગાલ્લીનાં લેખાં.

(ग) ઘરના આવક ખરચની નોંધ રાખતાં શિખવવું.

બીજો વિષય—(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય વાક્યના બે મુખ્ય ભાગ—ઉદ્દેશ્ય અને વિધેય.

(ख) મુકરર કરેલી કવિતામાંથી ૧૫૦ લીટીનો મુખપાઠ તથા ૨૦૦ લીટીની સમજુતી.

(ग) સારી રીતે લખેલાં હાથનાં લખાણ વાંચવાં.

ત્રીજો વિષય—(क) વાંચેલાં પુસ્તકમાંથી ચાર લીટીનું શ્રુતલેખન, બાળબોધ સહેલા શબ્દો લખાવવા. જુદી જુદી રીતના કાગળો અને ચિઠ્ઠીઓ લખવાં.

(ख) અનુલેખન—લેખનકળા કોપી બુક નં० ૪.

ચોથો વિષય—(क) ગુજરાતનો ઇતિહાસ.

(ख) ગુજરાતની ભૂગોળનું વિશેષ જ્ઞાન, હિન્દુસ્થાનની સામાન્ય ભૂગોળ.

પાંચમો વિષય—(क) દસ પદાર્થપાઠ. (યાદી પ્રમાણે).

(ख) પદાર્થ પાઠને લગતું ડ્રોઇંગ.

(ग) કવિતા તાલ સાથે ગાવી.

(घ) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી. કસરત કરવી.

(च) હિંદી પ્રબોધમાળા ભાગ ૧લો.

(छ) આરોગ્ય વિજ્ઞાન—પાચનક્રિયા.

(ज) અનુકુળતા પ્રમાણે કાંતવું, અને કપાસ પીલવો. (મરજીઆત)

સૂચના—દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઇ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને પરીક્ષા વખતે બતાવવી).

ધોરણ ૫મું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—(क) ત્રિરાશિ, બહુરાશિ, સાદું વ્યાજ, વ્યવહારિક અને દશાંશ અપૂર્ણાંક, સહેલા પ્રશ્નો મોંએ ગણવા.

(ख) કોડી, સેંકડો, હજાર, તોલા અને મુસાફના લેખાં.

(ग) સાદો રોજમેળ.

બીજો વિષય—(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. સાદું પદચ્છેદ.

કૃદંત તથા અવ્યય સાથે, સાદાં વાક્યોનું પૃથક્કરણ, ટૂંકાં નમુનાનાં વાક્યો બનાવવાં

(ख) મુકરર કરેલી કવિતામાંથી ૨૦૦ લીટીનો મુખપાઠ અને ૩૦૦ લીટીની સમજુતી

(ग) સાધારણરીતે લખેલાં હાથનાંલખાણ વાંચવાં,

ત્રીજો વિષય—

(क) વાંચેલા પુસ્તકમાંથી પાંચ લીટીનું શ્રુતલેખન. જુદી જુદી રીતના કાગળો લખવા.

(ख) અનુલેખન–લેખનકળા કોપી બુક નં. ૫.

ચોથો વિષય—

(क) હિંદુસ્થાનનો પ્રાચીન ઇતિહાસ, પૃથુરાજ ચૌહાણ સુધીનો.

(ख) હિંદુસ્થાનની વિશેષ ભૂગોળ અને એશિયા ખંડની સામાન્ય ભૂગોળ.

પાંચમો વિષય—

(क) દસ પદાર્થપાઠ (યાદી પ્રમાણે).

(ख) પદાર્થ પાઠને લગતું ડ્રોઇંગ.

(ग) કવિતા તાલ સાથે ગાવી.

(घ) દેશી રમતો રમવી અને કસરત કરવી.

(च) હિંદી પ્રબોધમાળા ભાગ ૧લોતથારજો.

(छ) આરોગ્યવિજ્ઞાન–શ્વાસોચ્છ્વાસ.

(ज) અનુકુળતા પ્રમાણે કાંતવું; પીલવું અને પીંજવું.

છઠ્ઠો વિષય—

અંગ્રેજી-પ્રાયમર (મરજીઆત).

સૂચના—દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઇ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને પરીક્ષા વખતે બતાવવી). વર્તમાન પત્રોમાંના સમાચાર બાળકોને કહેવા.

ધોરણ ૬ ઠ્ઠું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) ચક્રવૃદ્ધિવ્યાજ, સાદાવ્યાજનું વિશેષ જ્ઞાન, નફોતોટો, પંચાળો અને વર્ગમૂળ.

(ख) ભૂમિતિ ભાગ ૧ લાના સિદ્ધાંતો ૧થી૧૦.

(ग) સાદો રોજમેળ અને ખાતાવહી, અને સાદા ખાતાનું વ્યાજ ગણવું.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન. પદચ્છેદ અને વાક્ય પૃથક્કરણ સાથે વ્યાકરણ પૂરૂં. વ્યુત્પત્તિ.

(ख) કવિતાની ૨૦૦ લીટીનો મુખપાઠ તથા ૩૦૦ લીટીની સમજુતી.

(ग) સાધારણ રીતે લખેલાં હાથનાં લખાણ વાંચવાં.

ત્રીજો વિષય—

(क) કહેલી બીના વિષે સારા અક્ષરે કાગળ લખવો, અથવા સહેલો નિબંધ લખવો. જોડણી, વ્યાકરણ અને વિરામ ચિહ્નો ઉપર લક્ષ આપવું.

(ख) શિક્ષકે કરેલા સુધારા સાથેની આખા વર્ષની મનોયત્ન બુકો બતાવવી.

ચોથો વિષય—

હિંદુસ્થાનનો ઈતિહાસ–રાજપુત, મુસલમાન અને મરાઠા સમય સુધીનો.

(ख) હિંદુસ્થાનની ભૂગોળનું પુનરાવર્તન. એશિયાની વિશેષ ભૂગોળ તથા પૃથ્વીની ટૂંકી સામાન્ય ભૂગોળ. હિંદનો બીજા દેશો સાથે વ્યાપારી અને રાજકીય સંબંધ તેના લાભાલાભ સાથે. હિંદનો રૂપરેષા નકશો દોરવો. ભૂતળવિદ્યા–(મૂળતત્ત્વો, પૃથ્વીના ગોળાના સંબંધમાં વપરાતા શબ્દો જેવા કે વિષુવવૃત્ત, ધ્રુવ, કટિબંધો અક્ષાંશ તથા રેખાંશ).

પાંચમો વિષય—

(क) વિદ્યાને લગતા ૧૦ પાઠો. (યાદી પ્રમાણે).

(ख) પાઠને લગતું સાદું ડ્રોઈંગ.

(ग) દેશી રમતો રમવી અને કસરત કરવી.

(घ) હિંદી પ્રબોધ માળા ભાગ ૨.

(च) આરોગ્ય વિદ્યા.

(छ) અનુકુળતા મુજબ કાંતવું (ફરજીઆત), પીલવું અને પીંજવું (મરજીઆત).

છઠ્ઠો વિષય—

અંગ્રેજી—પ્રથમ પુસ્તક.

સૂચના—દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઈ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને પરીક્ષા વખતે બતાવવી). બાળકોને વર્તમાન પત્ર વાંચવાનો શોખ ઉત્પન્ન કરવાને વર્તમાન પત્રોનું વાંચન ચાલુ કરવું.

ધોરણ ૭મું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) પહેલાં ચાલેલા અંકગણિતનું પુનરાવર્તન, રેપામાપ અને પૃષ્ઠફળ સાથે.

(ख) ભૂમિતિ ભાગ ૧લાના સિદ્ધાંતો ૧૧ થી ૨૦.

(ग) પાકું નામું પૂરૂં. શેર. લોન, હુંડી, ચેક વગેરેની સમજુતી સાથે. ખાતાનું વ્યાજ ગણવું.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. વ્યાકરણ અને વ્યુત્પત્તિનું પુનરાવર્તન.

(ख) મુકરર કરેલી કવિતાની ૩૦૦ લીટીનો મુખપાઠ અને ૪૦૦ લીટીની સમજુતી.

(ग) સાધારણ રીતે લખેલાં હાથનાં લખાણ વાંચવાં.

ત્રીજો વિષય—

(क) આપેલા વિષય ઉપર નિબંધ અથવા રિપોર્ટ સારા અક્ષરે લખવો. ગણોતપટ્ટા, ભાડા-ચિઠ્ઠા વગેરે ઉપયોગી લેખો લખતાં શિખવવું. જોડણી, વ્યાકરણ અને વિરામ-ચિહ્ન ઉપર લક્ષ આપવું.

(ख) શિક્ષકે કરેલા સુધારા સાથેની આખા-વર્ષની મનોયત્નબુકો બતાવવી.

ચોથો વિષય—

(क) ઇતિહાસ–આગળ ચાલેલાનું પુનરાવર્તન, અંગ્રેજના સમયની વાતો સાથે.

(ख) પૃથ્વીની સામાન્ય ભૂગોળ. હિંદુસ્થાનની ભૂગોળનું પુનરાવર્તન. હિંદનો બીજા દેશો સાથે વ્યાપારી સંબંધ, વ્યાપારના માર્ગો સાથે. ભૂતળવિદ્યા–કુદરતી બનાવો જેવા કે ઋતુઓ, રાત્રિદિવસ, ગ્રહણ, આબોહવા, વરસાદ, ઝાકળ વગેરેની સાથે. હિંદુસ્થાનનો નકશો અક્ષાંશ તથા રેખાંશ સાથે દોરવો.

પાંચમો વિષય—

(क) વિદ્યાને લગતા ૧૦ પાઠો (યાદી પ્રમાણે).

(ख) પાઠને લગતું સાદું ડ્રોઇંગ.

(ग) દેશી રમતો રમવી અને કસરત કરવી.

(घ) હિંદી.

(ચ) આરોગ્યવિદ્યા.

(છ) અનુકુળતા પ્રમાણે કાંતવું ફરજીઆત, વણવું મરજીઆત.

છઠ્ઠો વિષય—

અંગ્રેજી-બીજું પુસ્તક.

સૂચના—દર અઠવાડીએ બાળકોને અવલોકન માટે બહાર ફરવા લઇ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે બતાવવી). વર્તમાન પત્રોનું વાંચન ચાલુ રાખવું.

સુરત રાષ્ટ્રીય કેળવણી મંડળની પ્રાથમિક કન્યાશાળાઓ માટેનો અભ્યાસક્રમ.

બાળવર્ગ.

પહેલો વિષય—

પદાર્થો વડે સો સુધીની સંખ્યાનું શિક્ષણ. પદાર્થો વડે પાંચ સુધીની સંખ્યા સો સુધીની સંખ્યામાં ઉમેરવી.

એકડે એકથી ૧૦×૧૦ સુધીના આંક.

આંક બોલાવવા તથા પલાખાં પૂછવાં.

બીજો વિષય—

મૂળાક્ષર, બારાખડી, ચિત્ર અને મુકરર કરેલાં પુસ્તકનું વાંચન. સહેલા શબ્દો અને વાક્યો વંચાવવાં.

ત્રીજો વિષય—મૂળાક્ષર, બારાખડી અને સહેલા શબ્દો મોટે અક્ષરે સ્લેટ પર લખાવવાં. (શિક્ષકે સારા અક્ષરે પાટીઆ પર લખવું અને તેમાં જોઇને છોકરીઓ પાસે સારા અક્ષરે લખાવવું).

ચોથો વિષય—

(क) નાની રસિક વાર્તાઓ શિક્ષકે કહેવી અને તે છોકરીઓ પાસે કહેવડાવવી.

(ख) હમેશ જોવામાં આવતાં પ્રાણી, વનસ્પતિ, ત્રણ મૂળ રંગો, સાદા આકાર તથા ઘણા જાણીતા પદાર્થોનુ ઓળખાણ અને મુખ્ય સ્વાદોનું જ્ઞાન.

(ग) સહેલા રાગનાં, સહેલા શબ્દ વાળાં બાળ-ગીતો તાળ સાથે સાથમાં ગાવં.

(घ) પાંચ જ્ઞાનેંદ્રિયોનુ ઓળખાણ કરાવવું અને તેનો ઉપયોગ સમજાવવો.

(च) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો, બાળ-કવાયત, અને સભ્યતા પૂર્વક ચાલવું.

(छ) શિક્ષકે છોકરીઓની સાથે ટૂંકાં અને સહેલાં વાકયો વાપરી હિંદી ભાષામાં વાતાચત કરવી (શિક્ષકે વાકયોની નોંધ રાખવી).

પાંચમો વિષય—સીવણકામ.

સૂચના—(૧) સભ્યતા અને વિવેકપૂર્વક બોલતાં શિખવવું. શરીર, કપડાં તથા પુસ્તકાદિ સ્વચ્છ રાખવાની અને વ્યવસ્થા રાખવાની ટેવ પાડવી.

(૨) દર અઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઇ જવાં (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે રજુ કરવી).

(૩) છોકરીઓને મૂળાક્ષર વાંચવાનું કામ જેટલું સહેલું લાગે છે તેટલું લખવાનું સહેલુ લાગતું નથી, માટે વાંચન આગળ ચાલે અને લખતાં શિખવાનું કામ પાછળ રહે તો તેમ થવા દેવું.

ધોરણ ૧ લું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

૧૦૦૦૦ સુધીની સંખ્યાનું વાંચન અને લેખન. આંક ૩૦×૧૦ સુધી. ચલણી નાણાંની માહીતી તથા નાણાંની ધાત. પદાર્થો વડે શિક્ષણ આપવું. આંક બોલાવવા તથા પલાંખાં પૂછવાં. ૧૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ થાય એવું મુખગણિત.

બીજો વિષય—

મુકરર કરેલી પહેલી ચોપડી પૂરીનું વાંચન મુકરર કરેલી કવિતા તથા ગરબી સાથમાં તાલ પ્રમાણે ગાવી. કવિતાનો ભાવાર્થ સમજાવવો.

ત્રીજો વિષય—

જોડાક્ષર ન આવે એવા શબ્દો સ્લેટપર મોટે અક્ષરે લખાવવા. ચોક અને કિત્તાવતી સ્લેટ ઉપર મોટા અક્ષરે અનુલેખન કરવું.

ચોથો વિષય—

(क) રામાયણ અને મહાભારતમાંથી તેમજ બીજી બોધદાયક વાતો શિક્ષકે કહેવી અને તે છોકરીઓ પાસે કહેવડાવવી.

(ख) દસ પદાર્થપાઠ (યાદી પ્રમાણે).

(ग) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી. બાળ કવાયત કરવી. માટીનાં રમકડાં નાવવાં

(ઘ) શિક્ષકે છોકરીઓની સાથે ટૂંકાં અને સહેલાં વાક્યો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી (શિક્ષકે વાક્યોની નોંધ રાખવી).

પાંચમો વિષય—સીવણકામ.

સૂચના—

(૧) શરીર, કપડાં અને પુસ્તકાદિ સ્વચ્છ રાખવાની અને વ્યવસ્થા રાખવાની ટેવ પાડવી.

(૨) દર અઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઇ જવી (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે રજુ કરવી).

ધોરણ રજું

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) ૧૦,૦૦,૦૦૦ સુધીની સંખ્યાનું વાંચન તથા લેખન. આંક ૪૦×૧૦ સુધી તથા અડધાં. આંક બોલાવવા અને પલાંખાં પૂછવાં. અધોળ, નવટાંક, શેર તથા મણની માહીતી, અને મણની ધાત. પાંચ આંકડા સુધીની સંખ્યાઓના સરવાળા તથા સહેલી બાદબાકી, અને પાંચ આંકડા સુધીની સંખ્યાના વધારેમાં વધારે બે આંકડાની સંખ્યા વડે ગુણાકાર. ચાલેલી ધાતનો ઉપયોગ થાય તેવી ઉતરતી ભાંજણી

(ग) પહેલા ધોરણ સુધીમાં ચાલેલા આંક અને ધાતોનો ઉપયોગ થાય એવું મુખગણિત.

બીજો વિષય—

મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી સાથે. મુકરર કરેલી કવિતા અને ગરબીઓમાંથી ૧૦૦ લીટીનો મુખપાઠ અને ભાવાર્થ.

ત્રીજો વિષય—

(क) વાંચેલાં પુસ્તકમાંથી મોટા અક્ષરે બે લીટીનું શ્રુતલેખન. શબ્દો છૂટા લખવા.

(ख) અનુલેખન-લેખનકળા કોપી બુક નં. ૨.

ચોથો વિષય—

(क) ચાર દિશાઓનું જ્ઞાન. પોતાની શાળાની તથા મહોલ્લાની ભૂગોળ. સુરત શહેરની સામાન્ય ભૂગોળ, છોકરીઓની પાસે માપ લેવરાવીને ઓરડાનો નકશો દોરાવવો.

(ख) રામાયણ મહાભારત વગેરે ગ્રંથમાંથી રસિક વાર્તાઓ શિક્ષકે કહેવી અને તે છોકરીઓ પાસે કહેવરાવવી.

પાંચમો વિષય—

(क) દસ પદાર્થપાઠ (યાદી પ્રમાણે).

(ख) પદાર્થપાઠને લગતું ડ્રોઇંગ.

(ग) કવિતા તાલ સાથે ગાવી.

(घ) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી, કવાયત કરવી.

(च) શિક્ષકે છોકરીઓની સાથે ટૂંકાં અને સહેલાં વાક્યો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી (શિક્ષકે વાક્યોની નોંધ રાખવી).

છઠ્ઠો વિષય—સીવણકામ.

સૂચના—દર અઠવાડીએ અવલોકન માટે છોકરીઓને બહાર ફરવા લઇ જવી (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે રજુ કરવી).

ધોરણ ૩જું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) પહેલાં ચાલેલા આંકનું પુનરાવર્તન, પાયા અને દોઢાં. આંક બોલવવા અને પલાખાં પૂછવાં. બાદબાકી, પાંચ આંકડા સુધીની સંખ્યાના વધારેમાં વધારે બે આંકડા સુધીની સંખ્યાવડે ભાગાકાર, ચઢતી ભાંજણી, વિવિધ પરિમાણોના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર. દેશી તોલ માપ, લુગડાંના માપ અને વખતના સ્થાનિક કોષ્ઠકો.

(ख) બીજા ધોરણ સુધીમાં શીખી ગએલા આંક અને કોષ્ઠકોનો ઉપયોગ થાય એવું મુખ ગણિત.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. નામ, સર્વનામ, અને ક્રિયાપદ.

(ख) મુકરર કરેલી કવિતામાંથી ૧૦૦ લીટીની સમજુતી તથા ૧૫૦ લીટીનો મુખપાઠ.

ત્રીજો વિષય—

(क) વાંચેલાં પુસ્તકમાંથી મોટે અક્ષરે ત્રણ લીટીનું શ્રુતલેખન. બાળબોધ મૂળાક્ષરો લખાવવા અને વંચાવવાં.

(ख) અનુલેખન—લેખનકળા કોપીબુક નં૦ ૩ જો.

ચોથો વિષય—

(क) ભૂગોળની મુખ્ય સંજ્ઞાઓ પ્રત્યક્ષ અવલોકનથી કે નમુના બનાવીને શિખવવી, અને નકશા ઉપરથી દેશના ઉંચાણ નિચાણનો દેખાવ અને તેના સામાન્ય લક્ષણો વિષે અનુમાન કરવાનો મહાવરો કરાવવો. સુરત જિલ્લાની પૂરી અને ગુજરાતની સામાન્ય ભૂગોળ.

(ख) મહાભારત તથા ગુજરાતના ઇતિહાસમાંથી વાર્ત્તાઓ કહેવી (ઇતિહાસ અને ભૂગોળ સંબંધી વાર્ત્તાઓ કહેવી).

પાંચમો વિષય—

(क) દસ પદાર્થ પાઠ (યાદી પ્રમાણે).

(ख) પદાર્થપાઠને લગતું ડ્રોઇંગ.

(ग) કવિતા અને ગરબીઓ તાલ સાથે ગાવી.

(घ) પ્રવૃત્તિ અને સંયમની દેશી રમતો રમવી, કવાયત કરવી.

(च) શિક્ષકે છોકરીઓની સાથે ટૂંકાં અને સહેલાં વાકયો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી (શિક્ષકે વાકયોની નોંધ રાખવી).

(छ) માંકડ, ચાંચડ, મચ્છર, જૂ અને માખીથી થતાં નુકસાનની સાદી સમજ તથા તે અટકાવવાના સહેલા ઉપાય.

(ज) કાંતવુ (મરજીઆત).

છટ્ઠો વિષય—સીવણકામ.

સૂચના—દર અઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઇ જવી (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષાવખતે બતાવવી).

ધોરણ ૪ થું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) ત્રીજા ધોરણમાં ચાલેલાં ઉપરાંત દેશી તોલમાપ, લુગડાંનાં માપ અને વખતનાં અંગ્રેજી કોષ્ઠકો. દઢભાજક તથા લઘુતમ સાધારણભાજ્ય.

(ख) મણ, શેર તથા ગજનાં લેખાં.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય.

(ख) મુકરર કરેલી કવિતા તથા ગરબીમાંથી ૧૫૦ લીટીનો મુખપાઠ અને તેની સમજુતી. શ્લોકોનો મુખપાઠ.

(ग) સારી રીતે લખેલાં હાથનાં લખાણ વાંચવાં.

ત્રીજો વિષય—

(क) વાંચેલાં પુસ્તકમાંથી ચાર લીટીનું શ્રુત લેખન. બાળબોધ સહેલા શબ્દો લખાવવા. જુદી જુદી રીતની ચિઠ્ઠીઓ લખવી.

(ख) અનુલેખન–લેખનકળા કોપીબુક નં ૪ થો.

ચોથો વિષય—

(क) ગુજરાતનો વાર્તારૂપ ઇતિહાસ—સોલંકી વંશની સમાપ્તી સુધી.

(ख) ગુજરાતની વિશેષ ભૂગોળ.

પાંચમો વિષય—

(क) દશ પદાર્થપાઠ (યાદી મુજબ).

(ख) પદાર્થપાઠને લગતું ડ્રોઈંગ.

(ग) કવિતા, ગરબી અને શ્લોકો તાલમાં ગાવાં.

(घ) ડ્રિલ અને સ્કીપીંગ.

(च) શિક્ષકે છોકરીઓની સાથે ટૂંકાં અને સહેલાં વાક્યો વાપરી હિંદી ભાષામાં વાતચિત કરવી (શિક્ષકે વાક્યોની નોંધ રાખવી).

(छ) આરોગ્યવિજ્ઞાન—પાચનક્રિયા.

(ज) કાંતવું (ફરજીઆત).

છઠ્ઠો વિષય—સીવણકામ.

સૂચના—

દર અઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઇ જવી (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે બતાવવી).

ધોરણ ૫ મું

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત

પહેલો વિષય—

(क) વ્યવહારી અપૂર્ણાંક અને ત્રિરાશિ.

(ख) ખાંડી, તોલા અને મુસારાનાં લેખાં.

(ग) ઘરના ખરચની નોંધ રાખતાં શિખવવું.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. સાદું પદચ્છેદ. વાક્યના બે મુખ્ય ભાગ—ઉદ્દેશ્ય અને વિધેય.

(ख) મુકરર કરેલી કવિતા તથા ગરબીમાંથી ૧૫૦ લીટીનો મુખપાઠ અને સમજુતી. શ્લોકોનો મુખપાઠ. સાધારણરીતે લખેલાં હાથનાં લખાણ વાચવં.

ત્રીજો વિષય—

(क) વાંચેલાં પુસ્તકમાંથી ચાર લીટીનું શ્રુતલેખન. જુદી જુદી રીતના કાગળો લખવા.

(ख) અનુલેખન—લેખનકળા કોપીબુક નં ૫ મો.

ચોથો વિષય—

(क) ગુજરાતનો વાર્તારૂપ ઈતિહાસ પૂરો.

(ख) હિંદુસ્થાનની સામાન્ય ભુગોળ.

પાંચમો વિષય—

(क) દસ પદાર્થપાઠ (યાદી પ્રમાણે).

(ख) પદાર્થપાઠને લગતું ડ્રોઈંગ.

(ग) કવિતા ગરબી અને શ્લોકો તાલ સાથે ગાવાં.

(घ) ડ્રિલ અને સ્કીપીંગ.

(च) હિંદી પ્રબોધમાળા ભાગ-૧ લો.

(छ) આરોગ્ય વિજ્ઞાન-શ્વાસોચ્છ્વાસની ક્રિયા.

(ज) કાંતવું (ફરજીઆત).

છટ્ઠો વિષય—સીવણકામ.

સાતમો વિષય—અંગ્રેજી-પ્રાયમર. (મરજીઆત).

આઠમો વિષય— ગૃહવ્યવસ્થા-રસોઈનું સામાન્ય જ્ઞાન.

સૂચના—

દર અઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઈ જવી (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે બતાવવી).

ધોરણ ૬ ઠું.

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) વ્યવહારી અપૂર્ણાંક, સાદું વ્યાજ, બહુરાશિ અને દશાંશ અપૂર્ણાંક.

(ख) કોડી, સેંકડો અને હજારનાં લેખાં.

(ग) ઘરના ખર્ચની નોંધ.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. સાદું પદચ્છેદ, કૃદંત અને અવ્યય સાથે. સાદાં વાકયોનું પૃથક્કરણ.

(ख) મુકરર કરેલી કવિતા અને ગરબીમાંથી ૧૫૦ લીટીનો મુખપાઠ અને સમજુતી. શ્લોકોનો મુખપાઠ.

(ग) સાધારણ રીતે લખેલાં હાથનાં લખાણ વાંચવાં.

ત્રીજો વિષય—

(क) વાંચેલાં પુસ્તકમાંથી ચાર લીટીનું શ્રુતલેખન. કહેલી બીના વિષે સારા અક્ષરે કાગળ લખવો જોડણી, વ્યાકરણ અને વિરામચિહ્નો ઉપર લક્ષ આપવું.

(ख) શિક્ષકે કરેલા સુધારા સાથેની આખા વર્ષની મનોયત્ન બુકો બતાવવી.

ચોથો વિષય—

(क) હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ પૃથુરાજ ચૌહાણ સુધીનો.

(ख) હિંદુસ્તાનની વિશેષ ભૂગોળ.

ભૂતળ વિદ્યા—પૃથ્વીનો આકાર, કદ, જમીન તથા પાણીના મુખ્ય ભાગ, પૃથ્વીની ગતિઓ (સાદામાંસાદી હકીકત કહેવી).

પાંચમો વિષય—

(क) આરોગ્યવિજ્ઞાન–પાચનક્રિયા

(ख) કવિતા, ગરબી અને શ્લોકો તાલ સાથે ગાવાં.

(ग) અંગ કસરત અને રમતો.

(घ) હિંદી પ્રબોધમાળા ભાગ- ૧લો.

(चं) કાંતવું (ફરજીઆત).

છઠ્ઠો વિષય—સીવણકામ.

સાતમો વિષય—અંગ્રેજી–પહેલું પુસ્તક (મરજીઆત).

આઠમો વિષય—રસોઇનું સામાન્ય જ્ઞાન, નર્સીંગ (માંદાની માવજત)

સૂચના—

હર અઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઇ જવી. (આ કામની શિક્ષકે નોંધ રાખવી અને પરીક્ષા વખતે બતાવવી).

(૨) છોકરીઓને વર્તમાન પત્રો વાંચવાનો શોખ ઉત્પન્ન કરવાને વર્તમાન પત્રોનું વાંચન વર્ગમાં ચલાવવું.

ધોરણ ૭ મું

પાછલા ધોરણના અભ્યાસ ઉપરાંત.

પહેલો વિષય—

(क) નફો તોટો અને પહેલાં ચાલેલાનું પુનરાવર્તન.

(ख) સાદો રોજમેળ અને ખાતાવહી.

બીજો વિષય—

(क) મુકરર કરેલાં પુસ્તકનું વાંચન, સમજુતી તથા શબ્દોના અર્થ સાથે. પદચ્છેદ અને પૃથક્કરણ.

(ख) મુકરર કરેલી કવિતા અને ગરબીમાંથી ૨૦૦ લીટીનો મુખપાઠ અને સમજુતી.

શ્લોકોનો મુખપાઠ

(ग) સાધારણ રીતે લખેલાં હાથનાં લખાણ વાંચવાં.

ત્રીજો વિષય—

(क) કહેલી બીના વિષે સારા અક્ષરે કાગળ લખવો. આપેલા વિષય ઉપર સહેલો નિબંધ લખવો. જોડણી, વ્યાકરણ, અને વિરામ ચિહ્નો ઉપર લક્ષ આપવું.

શિક્ષકે કરેલા સુધારા સાથેની આખા વર્ષની મનોયત્ન બુકો બતાવવી.

ચોથો વિષય

(क) હિંદુસ્થાનનોઇતિહાસ પૂરો.

(ख) પૃથ્વીની સામાન્ય ભૂગોળ. પ્રાકૃતિક ભૂગોળ સાથે.

પાંચમો વિષય

(क) આરોગ્ય વિદ્યા.

(ख) કવિતા, ગરબી અને શ્લોકો તાલસાથે ગાવાં.

(ग) અંગકસરત અને રમતો ચાલુ.

(घ) હિંદી પ્રબોધ માલો ભાગ—૧ લો.

(च) કાંતવું (ફરજીઆત).

છઠ્ઠો વિષય——સીવણકામ.

સાતમો વિષય——અંગ્રેજી-બીજું પુસ્તક (મરજીઆત).

આઠમો વિષય——રસોઈનું વિશેષજ્ઞાન. સ્ત્રી ઉપયોગી સલાહ.

સૂચના----(૧)દરઅઠવાડીએ છોકરીઓને અવલોકન માટે બહાર ફરવા લઇ જવી (આ કામની શિક્ષકોએ નોંધ રાખવી અને તે પરીક્ષા વખતે બતાવવી).

(૨) છોકરીઓને વર્તમાન પત્રોના વાંચનનો શોખ ઉત્પન્ન કરવાને વર્તમાનપત્રોનું વાંચન વર્ગમાં ચલાવવું.

સુરત રાષ્ટ્રીય કેળવણી મંડળની પ્રાથમિક શાળાઓમાં ચલાવવાના પદાર્થપાઠો અને વિદ્યાના પાઠોની યાદી.

ધોરણ ૧ લું.

૧ પાણી. ૨ માટી. ૩ ધાતુ. ૪ ચલણીનાણું. ૫ ઝાડ. છોડ અને વેલા. ૬ ગાય. ૭ પોપટ. ૮ મિશ્રરંગો. ૯ કેરી. ૧૦ આકાશ. ૧૧ વરસાદ. ૧૨ કુહાડી ને સોય. ૧૩ બકરી. ૧૪ દૂધ.

ધોરણ ૨ જું.

૧ ચાક. ૨. તાંબુ અને તાંબાના વાસણો. ૩ પિત્તળ અને પિત્તળનાં વાસણો. ૪ શેરડી. ૫ ઘોડો અને તેની જાતના પ્રાણી. ૬ ચકલી. ૭ બતક તથા મરઘાં. ૮ પાણી. ૯ હવા અને પવન. ૧૦ સવાર અને સાંજ. ૧૧ ખેડુત અને હળ. ૧૨ ડાંગર. ૧૩ ભાતને રોટલી. ૧૪ શરીરના ભાગ. ૧૫ ઇંદ્રિયો.

ધોરણ ૩ જું.

૧ પાણી. ૨ દેવતા. ૩ મીઠું. ૪ લોઢું. ૫ ઝાડની ઇંદ્રિયો. ૬ ઘઉં. ૭ કૂતરો અને તેની જાતનાં પ્રાણી. ૮. સમડી અને ગીધ. ૯ ચામડી. ૧૦ ખાજલું. ૧૧ ગંધક. ૧૨ ઝાડનો રસ. બિલાડી અને તેની જાતનાં પ્રાણી. ૧૪ હાડકાં અને માંસના લોચા.

ધોરણ ૪ થું.

૧ ફટકડી. ૨ સીસું, કલઇ અને જસત. ૨ લાકડું અને હાથીદાંત. ૪ ફૂલ તેના ભાગ અને કાર્ય. ૫ ફળ તેના ભાગ અને કાર્ય. ૬ બી તેના ભાગ અને કાર્ય. ૭ પાંદડાં તેની રચના અને કાર્ય. ૮ રૂ અને કપાસનો છોડ. ૯ માછલી. ૧૦ સાપ. ૧૧ દેડકું. ૧૨ હાથી. ૧૩ મચ્છર. ૧૪ પાચન ક્રિયા, ૧૫ ગરમી કે ઉષ્ણતા. ૧૬ ઠંડી.

ધોરણ ૫ મું.

૧ કોલસોને શ્વાસ. ૨ ફુવારો. ૩ પારોને ગરમી માપક યંત્ર. ૪ હવાનું દબાણ ને બંબો. ૫ એકદળ અને દ્વિદળ. ૬ ફૂલનું ફળ બનવા વિષે. ૭ નાળિએરી અને બાવળ. ૮ ઇંડું. ૯ માણસ જાતને મળતું પ્રાણી. ૧૦ ફેફસાં અને શ્વાસોચ્છવાસ. ૧૧ ઉચ્ચાલન ૧૨ ગરગડી અને પાણીનોરેંટ. ૧૩ હવા વાયુ ને વરાળ. ૧૪ પડઘો.

ધોરણ ૬ઠું.

૧ પદાર્થ અને તેના ત્રણ રૂપ. ૨ પદાર્થના સામાન્ય ગુણ ૩ ઢાળ ૪ ફાચરને પેચ. ૫ ગુરૂત્વમધ્ય બિંદુ. ૭ અવાજ. ૮ ગરમી કે ઉષ્ણતાની ઉત્પત્તિ. ૯ ગરમીની ગતિ ૧૦ છુપી કે ગુપ્ત ગરમી. ૧૧ પ્રકાશ અને તેનો ફેલાવો. ૧૨ પ્રકાશનું પરાવર્તન. ૧૩ પ્રકાશનું વક્રીભવન. ૧૪ વિદ્યુત. ૧૫ વીજળી. ૧૬ લોહચુંબક અને હોકાયંત્ર. ૧૭ હવાના ઘટકાવયવો અને તેના ગુણ. ૧૮ મગજ અને જ્ઞાનતંતુ. ૧૯ સૂર્ય અને ચંદ્ર.

ધોરણ ૭ મું.

૧ પ્રવાહી પદાર્થોમાં થતું સરખું દબાણ. ૨ આર્કિમીડીસનો નિયમ. ૩ કેશાકર્ષણનો ચમત્કાર. ૪ પ્રકાશનો ચમત્કાર–ઝળહળું, મૃગજળ અને મેઘધનુષ. ૫ દ્રાવ્યતા. ૬ હવામાંની ભિનાશ. ૭ એસિડ કે તેજાબ, અલ્કલી અને ક્ષાર. ૮ ફોસ્ફરસ અને દિવાસળી. ૯ કાળજું, બરોળ અને મૂત્રપિંડ. ૧૦ કાર્બન અને કાર્બોનિક એસિડ ગ્યાસ. ૧૧ સૂર્યમાળા.

ધી સુરત "જૈન" એન્જીન પ્રીટીંગ પ્રેસમાં ચુનીલાલ
અમીચંદે છાપ્યું ઠે. ખપાટીઆ ચકલા—સુરત

પ્રસિદ્ધ કરનાર.

છોટુભાઈ બાઈદાસ મારફતીયા

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું— રાષ્ટ્રીય કેળવણી મંડળ કોળાપીઠ સુરત